# રાજેન્દ્રનગર પાસે સાબરકાંઠા પોલીસની કામચલાઉ પોલીસ ચોકી ઉઘરાણાનું કેન્દ્ર

## પોલીસના ઈશારે જી.આર.ડી. વાહનો થોભાવી ઉઘરાણું કરતા હોવાની ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

હિંમતનગર-શામળાજી હાઈવે માર્ગ ઉપર રાજેન્દ્રનગર ચોકડી પાસે સાબરકાંઠા પોલીસ દ્વારા જવાનપુરા જતા રસ્તા ઉપર કામચલાઉ પોલીસ ચોકી ગોઠવવામાં આવી છે પરંતુ છેલ્લા કેટલાક દિવસથી પોલીસની ચોકી માત્ર ઉઘરાણાનું કેન્દ્ર બની હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. પોલીસના ઈશારે જી.આર.ડી.ના જવાનો પસાર થતા વાહનોને થોભાવી ઉઘરાણું કરતા હોવાની ફરિયાદ ઉઠી છે. વાહનોને થોભાવી તલાશી લેવી તે પોલીસનું કામ છે પરંતુ આ સ્થળે તો પોલીસ બીજા વાહનોને થોભાવી તલાશીમાં ઉલજાવી રાખે છે અને બીજી તરફ જી.આર.ડી.ના જવાનો દંડા ઉગામી વાહનો થોભાવી દેતા હોવાથી આશ્ચર્ય ઉભું થયું છે.

વાહનોની રાત-દિવસની અવર જવરથી ધમધમતા ફોરલેન હાઈવે સિક્સલેનમાં ફેરવાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી હાઈવેનું કામકાજ ઠપ્પ થયું છે અને કેટલેક ઠેકાણે ડાયવર્ઝન આપવામાં આવતાં બેફામ દોડતા વાહનોની ગતિમાં જરૂર ઘટાડો થયો પરંતુ પોલીસ માટે હાઈવે માર્ગ ઉઘરાણાનો સલામત માર્ગ બન્યો છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની પોલીસની હદ હાઈવે ઉપર લાગતી હોવાથી સરકારી વાહનો સાથે પોલીસ નિયત જગ્યાએ ગોઠવાઈ વાહન ચાલકો પાસેથી ખિસ્સાં ભરતી હોય છે તેમાંય સાબરકાંઠા પોલીસે જવાનપુરા તરફ જવાના હાઈવે માર્ગ ઉપર કામ ચલાઉ પોલીસ ચોકી ગોઠવી ત્યારથી વાહન ચાલકોની હાલાકીમાં વધારો થયો છે. પોલીસ તો ઠીક પરંતુ હવે જી.આર.ડી.ના જવાનો પણ પોલીસ ચોકી નજીક ઉભા રહી રાજસ્થાન તરફથી આવતા વાહનોને રોકી વાહનના દસ્તાવેજ તેમજ સરસામાનની તપાસના નામે ડોળા કાઢી જે કંઈ મળ્યું તેનાથી ખિસ્સાં ગરમ કરી રહ્યા છે. પસાર થતા વાહનોને રોકી જી.આર.ડી.ના જવાનો તેમજ અન્ય પોલીસ કર્મચારીઓ વાહન ચાલકોને વિના કારણ રસ્તામાં ઉભા કરી દેતા હોવાના દ્રશ્યો હવે કાયમી બન્યા છે.



# મોડાસામાં ફાયર સેફ્ટી મુદ્દે પાલિકા તંત્ર આગબબુલા

## સ્કુલ, પેટ્રોલપંપ, ખાણી-પીણી સ્ટોલ સહિત ૨૦૦થી વધુ એકમોને નોટિસ ફટકારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

મોડાસામાં ફાયર સેફ્ટી મુદ્દે પાલિકા તંત્ર આગબબુલા થયું છે. વારંવાર નોટિસો આપવા છતાં ૨૦૦ થી વધુ એકમો ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવામાં નિષ્ફળ રહેતાં ફરીથી પાલિકા તંત્ર દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે જેમાં સ્કુલ, પેટ્રોલ પંપ સહિત ખાણી-પીણીના સ્થળોએ ફાયર સેફ્ટીને નજર અંદાજ કરવામાં આવતાં પાલિકા તંત્ર આકરા પાણીએ લાગી રહ્યું છે.

રાજ્યમાં એક પછી એક આગની દુર્ઘટનાઓ ઘટતાં ફાયર સેફ્ટી ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. શહેરી વિસ્તારોમાં આગજનીના બનાવો અટકાવવા માટે અગાઉ સરપ્રાઈઝ ચેકીંગ શરૂ કરી જે મિલ્કત ધારક ફાયર સેફ્ટીની સુવિધા ઉભુ કરવામાં નિષ્ફળ હોય તેની સામે કાયદાકીય પગલાં ભરવાની શરૂઆત થઈ હતી તેમાંય સુરતની ટ્યુશન ક્લાસની આગની ઘટનાએ સરકારને હચમચાવી હતી જેથી ફાયર સેફ્ટીની સુવિધા બાબતે સરકારે ખાસ ગાઈડલાઈન સાથે હોસ્પિટલો, શાળાઓ, ગેસ્ટહાઉસમાં તપાસ હાથ ધરી હતી પરંતુ ત્યાર પછી બધું વિસરાઈ ગયું છે. સુરત પછી અમદાવાદમાં પણ આગ લાગવાના બનાવો સામે આવ્યા છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં જોખમ વધુ હોવાથી પાલિકા તંત્ર દ્વારા વારંવાર નોટિસો અપાતી હોવા છતાં ફાયરની સુવિધા ઉભી કરવામાં જવાબદારો નિષ્ફળ રહ્યા છે. અરવલ્લીના પાટનગર મોડાસામાં શોપીંગ સેન્ટરો, કોમ્પલેક્ષોમાં તેમજ હોસ્પિટલોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. જેમાં આગનું દેખીતું જોખમ છતાં આગ ઉપર કાબુ મેળવાય તેવા સાધનોનો સદંતર અભાવ દેખાઈ રહ્યો છે. જેથી પાલિકા તંત્ર દ્વારા ફાયર સેફ્ટીની અગવણના કરનારા મિલ્કતધારકો સામે નોટિસ ફટકારી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પાલિકા તંત્રની સરપ્રાઈઝ તપાસમાં સ્કુલો, ખાણી-પીણીના સ્ટોલ તેમજ પેટ્રોલ પંપ ઉપર ફાયર સેફ્ટીની સુવિધામાં ઘોર બેદરકારી જણાઈ આવી છે જેથી તમામને નોટિસ આપી તાત્કાલિક ધોરણે ફીયર સેફ્ટીના સાધનોની વ્યવસ્થા ગોઠવવા માટે સૂચના આપવામાં આવી છે.

# પ્રાંતિજ ખાતે જિલ્લા પ્રમુખના હસ્તે નવીન બનેલ સમ્પનુ લોકાર્પણ

## ૩૧.૨૦ લાખ ના ખર્ચે તૈયાર થયેલ સંપનુ લોકાર્પણ : પ્રભારી કલ્પિત ભાઇ દવે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા : નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ સહિત કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા





પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ભાજપ જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ ના હસ્તે ૩૧.૨૦ લાખના ખર્ચે તૈયાર થયેલ સંપનુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા ૧૪મુ નાણાપંચની યોજના ૨૦૧૯/૨૦ અંતર્ગત રૂ.૩૧.૨૦ લાખ ની ગ્રાન્ટ માંથી પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારના ભાંખરીયા ખાતે વોટર વર્કસ ૧૨.૫૦ લાખ પાણીની ક્ષમતા ધરાવતા સમ્પનું લોકાર્પણ સાબરકાંઠા ભાજપ ના જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ ના હસ્તે કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે પ્રભારીકલ્પિતભાઇદવે, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકાના પ્રમુખ દિપકભાઇ કડીયા, નગરપાલિકાના બાંધકામ સમિતિ ના ચેરમેન રાજેશભાઈ ટેકવાણી, પાણી પુરવઠાના ચેરમેન શિલ્પાબેન મકવાણા, નગરપાલિકાના ચીફ ઓફિસર ઉર્મિલાબેન સુમેસરા, પ્રાંતિજ ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ સહિતના કોર્પોરેટરો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં તો પાણીનો સંપ બનતા આવિસ્તારના રહીશો ને પાણી ની સમસ્યા થી છુટકારો મળશે.

# અરવલ્લી જીલ્લા ભાજપ કિસાન મોરચાના મંત્રી તરીકે નિમણુંક

ભિલોડા,તા.૭



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધંબોલીયા ગામના રાજપુત સમાજના સામાજીક આગેવાન નરેન્દ્રસિંહ ઉર્ફે (જીતુસિંહ) ભીખુસિંહ રાઠોડની અરવલ્લી જીલ્લા ભાજપ કિસાન મોરચાના મંત્રી તરીકે નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.ધી સાબરકાંઠા ડીસ્ટ્રકટ કો. ઓ. બેંક લી.વા.ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી,સાબર ડેરી, ડીરેકટર,જેસીંગભાઈ પટેલ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, ભિલોડા, ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા સહિત રાજકીય, સામાજીક આગેવાનોએ બિરદાવ્યા હતા.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા સેવા-સપ્તાહ ઉજવણી કાર્યક્રમનો શુભારંભ

## જીલ્લા પ્રમુખ દ્વારા કાર્યક્રમ નો પ્રારંભ કરાવ્યો : ૭ જુલાઈથી ૧૮ ઓગસ્ટ, ૨૦૨૧ સુધી તમામે તમામ વોર્ડમાં કાર્યક્રમ યોજાશે : 'પ્રાંતિજ નગર એક કદમ સ્વચ્છતા કી ઓર કાર્યક્રમ'નો શુભારંભ







પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા એક કદમ સ્વચ્છતા કી ઓર, સ્વચ્છતા-સેવા સેવા-સપ્તાહ ની ઉજવણી કાર્યક્રમ પ્રારંભ જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ દ્વારા કરાવવામા આવ્યો હતો. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા સેવા-સપ્તાહ ઉજવણી કાર્યક્રમ વોર્ડ વાઈઝ આરોગ્ય વિભાગ, વોટસ વર્કસ વિભાગ, દીવાબત્તી વિભાગ અને ગટર વિભાગ દ્વારા સાપ્તાહિક-સામૂહિક- પ્રાથમિક સુવિધાઓનુ નિરીક્ષણ કરી શહેર ને સ્વચ્છ બનાવવાનુ આયોજન કરવામા આવ્યુ છે જેમા પ્રાંતિજ ના નગરજનોને શુધ્ધ પાણી, સ્ટ્રીટ લાઈટ અને ગટર જેવી પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે તા.૭-૭-૨૦૨૧થી વોર્ડ નંબર-૧ ના તમામે-તમામ વિસ્તારો માં એક સપ્તાહ સુધી ઉજવણી કરવામા આવશે તો આ કાર્યક્રમ ૭-૭-૨૦૨૧ થી ૧૭-૮-૨૦૨૧ સુધી પ્રાંતિજ ના તમામે-તમામ છ વોર્ડ મા વારાફરતી ઉજવણી કરવામા આવશે તો આપ્રસંગે પૂર્વ મંત્રી, નગરપાલિકા પ્રમુખ સહિત નગર પાલિકા કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

# કંસારી ગામે પાણીપુરી કેમ ખવરાવતો નથી ? તેમ કહી હુમલો...

## આરોપી વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ દાખલ

ડીસા, તા. ૭

ડીસા તાલુકાના કંસારી ગામે પાણીપુરીની લારી ઉપર આવેલ એક ઈસમે કેમ પાણીપુરી ખવરાવતો નથી ? તેમ કહી ગાળો બોલી હુમલો કરી લારી ઉંધી વાળી નાખતા લારી ચાલકે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ ફરિયાદની વિગતો જોતા કંસારી ગામે વિજયભાઈ શામળભાઈ પ્રજાપતિ પાણીપુરીની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે સોમવારે બપોરના સુમારે તેઓ લારી ઉપર હતા. તે દરમિયાન ત્યાં રાજુજી વરસંગજી ઠાકોર નામનો ઈસમ ત્યાં આવેલો અને જેમ તેમ ગાળો બોલવા લાગેલ અને તું અહીં કેમ લારી ઉભી રાખે છે અને મને કેમ પાણી પુરી આપતો નથી ? તેમ કહી લારીના કાચ ફોડી નાખેલ અને લારી ઉંધી વાળી નાખી નુકશાન કરેલ. આ બાબતે વિજયભાઈ કહેવા જતા માર મારવા લાગેલ જોકે અચાનક આ હુમલાના કારણે વિજયભાઈ એ બુમો પાડતા આસપાસના લોકોએ આવીને તેમને છોડાવેલા જોકે જતા જતા રાજુજી ઠાકોરે જાનથી મારી નાખવાની ધમકી આપેલ.બનાવના પગલે વિજયભાઈ ગભરાઈ ગયેલા અને આ બાબતે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલિસે વિવિધ કલમ હેઠળ રાજુજી ઠાકોર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જન્મદિને વધામણી



રાહુલપૂરી ગોસ્વામી (મંત્રી : અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન ) બાયડ, જિ.અરવલ્લી



નરેશ સલાટ બાયડ, જિ.અરવલ્લી



મનહરભાઈ કે. પટેલ (પૂર્વ પ્રમુખ : તાલુકા પંચાયત, બાયડ) રેલકંપા, તા.બાયડ



પંકજભાઈ એમ. પટેલ (ચેતન કિરાણા સ્ટોર્સ-બાયડ) રણેચી, તા.બાયડ



ઘરમાં રહો, સુરક્ષિત રહો

# સાબરકાંઠા જિલ્લામાં બોર્ડની પરીક્ષા માટે વહિવટીતંત્ર સજ્જ

બાયડ( બ્યુરો ઓફિસ) તા.૭

કોરોનાકાળ બાદ ખાનગી અને રીપીટર પરીક્ષાર્થીઓની પરીક્ષાના આયોજન અંગે રાજયના શિક્ષણમંત્રી એ જિલ્લાના કલેકટર અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.

રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ના સામાન્ય વિજ્ઞાન પ્રવાહના રીપીટર અને ખાનગી વિધાર્થીઓની આગામી ૧૫ જુલાઇ ૨૦૨૧થી પરીક્ષા પ્રારંભ થવાની છે. વિદ્યાર્થીઓ નિર્વિઘ્ને અને સ્વસ્થય સુયોગ્ય વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જિલ્લાવના વહીવટી તંત્રએ પણ કમરકસી છે. જેને અનુલક્ષીને બુધવારના રોજ કલેકટર કચેરી ખાતે પરીક્ષા સમિતિની બેઠક યોજાઇ હતી.

જેમાં આ વર્ષે ૧૫ જુલાઈથી શરૂ થનાર બોર્ડની પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લામાં એસ.એસ.સી ના ૨૦ કેન્દ્રો પરથી ૧૩૦૫૨ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં ૬૮૮ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. જયારે સામાન્ય પ્રવાહના ૩૨૨૦ વિદ્યાર્થીઓ ૧૪૦ બ્લોક પરથી પરીક્ષા આપશે. આ બોર્ડની પરીક્ષાના સુચારૂ આયોજન માટે એસ,એસ,સીના હિંમતગનગર અને ઇડર ઝોન બનાવવામાં આવ્યા હોવાની વિગતે ચર્ચા કરવામાં આવી હતી.

**ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૨૨૦ અને વિજ્ઞાન પ્રવાહમાં ૬૮૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : ધોરણ ૧૦માં ૨૦ કેન્દ્રો પરથી ૧૩,૦૫૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે**

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોનાકાળ બાદ પ્રથમવાર પરીક્ષા યોજાનાર હોય વિધાર્થીઓના આરોગ્યની ચિંતા કરી પરીક્ષાખંડમાં પ્રવેશ કરતા પહેલા તેમનું થર્મલ ગનથી ચકાસણી અને સેનિટાઈઝેશન અને માસ્કની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે. જો પરીક્ષા દરમિયાન કોઇ વિધાર્થીને કોરોનાના શંકાસ્પદ લક્ષણ જણાય તો તેના માટે અલાયદી બેઠક વ્યવસ્થા પણ રાખવામાં આવશે, કોરોનાને લઈ પરીક્ષા દરમિયાન શાળની બહાર વાલીઓના ટોળા એકત્ર ન થાય તે માટે ખાસ તકેદારી રાખવા માટે સબંધિત વિભાગને સૂચના આપવામાં આવી છે. જિલ્લાના સંવેદન અને અતિસંવેદનશીલ કેન્દ્રો તેમજ તમામ કેન્દ્રો સીસીટીવીની સુવિધાથી સજ્જ હોય તે ખાસ ધ્યાન રાખવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ બેઠક દરમિયાન જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સંજય વ્યાસ, પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ચૌધરી સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓ સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી બાળ સેવા યોજના ઓનલાઇન પેમેન્ટ લોન્ચીંગ કાર્યક્રમ મહેસાણા ખાતે યોજાયો

મહેસાણા, તા. ૭

સમગ્ર રાજ્યમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત યોજાયેલ ઓનલાઇન પેમેન્ટ કાર્યક્રમમાં ૩૧ લાખ ૦૪ હજારો રૂપિયા એટ વન ક્લીક કરી બાળકોના બેંક ખાતામાં આજે જમા થયા હતા.જે અંતર્ગત મહેસાણા જિલ્લાના ૨૨ બાળકોને આ યોજના અંતર્ગત રકમ જમા થઇ હતી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની એન.ડી.એ સરકારના સાત વર્ષ પૂર્ણ થવા અવસરે ૨૯મી મે એ જાહેર થયેલી "મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો માત્ર ૩૮ દિવસમાં રાજ્યવ્યાપી અમલ કરવાની આગવી સંવેદના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રગટ કરી છે.કોરોનાથી માતા-પિતાનું અવસાન થતાં નિરાધાર બનેલા, છત્રછાયા ખોઇ ચૂકેલા રાજ્યભરના ૭૭૬ બાળકોને પ્રતિ બાળક દરમહિને રૂ. ૪૦૦૦ની સહાય યોજના અન્વયે ૩૧ લાખ ૪ હજાર રૂપિયા એટ વન ક્લીક મુખ્યમંત્રીશ્રી એ આ બાળકોના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. જેમાં મહેસાણા જિલ્લાના ૨૨ નિરાધાર બાળકોને સમગ્રતયા સહાય મુખ્યમંત્રીશ્રીએ ઓનલાઈન અર્પણ કરી હતી.

# ડીસા તાલુકાના કૂચવાડા નજીક વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ

## રૂ. ૬,૬૯,૯૦૦ના મુદ્દામાલ સાથે રાજસ્થાની આરોપીની અટકાયત



ડીસા, તા. ૭

એલસીબી પોલીસ ડીસા રૂરલ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન બાતમી આધારે કુચાવાડા ગામેથી ગાડી(નં. જીજે ૦૧-એચ એક્સ ૨૪૫૧) માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૯૫/- (કિ.રૂ.૧,૪૨,૫૦૦/-) તથા મોબાઈલ નંગ ૨ (કિ.રૂ.૫૫૦૦/-) તથા રોકડ રૂ. ૧૨૯૦૦/-તથા ગાડી ( કિ. રૂ. ૫૦૦૦૦૦/-) એમ કુલ રૂ.૬,૬૦૯૦૦/-ના મુદ્દામાલ સાથે રાવતારામ પૂરકારામ ચૌધરી (રહે. પાદરડી તા. ગુડામાલાણી રાજસ્થાન) ને ઝડપી લીધો હતો. તથા હરિયાણા ગુડ ગાવના મેઘારામએ દારૂ ભરાવતા તમામ વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબ ડીસા રૂરલ પોલીસ સ્ટેશને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# અવસાન નોંધ..



બાયડ : અરવલ્લીના ભિલોડા ગામના મહેશલાલ અંબાલાલ ભાટીયાનાં પત્નિ અને રાહુલ ભાટીયા, કેતન ભાટીયા(એલ.સી.બી. કચેરી-અરવલ્લી) અને હિતેષ ભાટીયા(શિક્ષક : થરાદ હાઈસ્કુલ, જિ.બનાસકાંઠા)નાં માતા પુષ્પાબેન મહેશલાલ ભાટીયાનું નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું સૂતક / બેસણું તા.૧૫ જુલાઈ, ગુરૂવારના રોજ તેમના નિવાસસ્થાન જૂની પોસ્ટ ઓફીસ પાસે, ભિલોડા મુકામે રાખેલ છે.

# બાયડની પરણિત મહિલા ગુમ : બોરલ જવાનું કહી અદ્રશ્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

બાયડના રામના તળાવ નજીક રહેતા અભેસિંહ કાનસિંહ સોલંકીનાં પત્નિ મંજુલાબેન ગત રોજ બોરલ જવાનું કહી ગુમ થઈ જતાં પરિવાર ચિંતિત બન્યો છે. મહિલાની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો મળ્યો ન હોવાથી પરિવારે બાયડ પોલીસને જાણ કરતાં પોલીસ દ્વારા જાણવા જોગ નોંધ લઈ તપાસ શરૂ કરવામાં આવી છે.

હમણાંથી પરણિત મહિલાઓ ગુમ થવાનો સિલ સિલો વણથંભ્યો ચાલી રહ્યો છે. માંકમજીનામુવાડા ગામના સોલંકી પરિવાર છેલ્લા કેટલાક સમયથી બાયડ રામના તળાવ પાસે વસવાટ કરી રહ્યો છે દરમ્યાન તા.૧૭ના રોજ આ પરિવારની મહિલા મંજુલાબેન બોરલ ગામે તેમનાં નણંદના ઘરે જવાનું કહી નિકળ્યાં હતાં પરંતુ બોરલ ન પહોંચી રહસ્યમય રીતે ગુમ થયાં હતાં જેથી પતિ સહિત પરિવારના સભ્યોએ ગુમ થનાર મહિલાની શોધખોળ કરી હતી પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. મહિલાનું અપહરણ થઈ ગયું છે કે પછી તે પોતાની જાતે ક્યાંક ચાલ્યાં ગયાં છે..?? વગેરે સવાલો વચ્ચે પરિવારે પોલીસને જાણ કરી છે.